# આદેશ્વર અલબેલા

હે અષાઢ ઉચારમ મેઘ મલ્હારમ બની બહારમ જલધારમ

હે દાદુર ડકારમ મયુર પુકારમ તડીના તારમ વિસ્તારમ

ના નદી અપારમ પ્યાસ અપારમ નાભી કુમારમ નિરખ્યારે

કહે મરુદેવી તારી બલિહારી મંદિર આવો મનોહારી રે

જી રે  મંદિર આવો મનોહારી

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૪)

નાભીરાયાનાં તમે માનીતા બેટડા (૨)

હે ... મરુદેવીનાં લાલ પ્યારા રે

જોયા રે અમે આદેશ્વર અલબેલા

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૨)

શત્રુંજયના શોભે  ઊંચા તે ડુંગરા  (૨)

હે ... વસમી વાટે રે વસનારા રે

જોયા રે અમે આદેશ્વર  અલબેલા

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૨)

આદેશ્વર દાદા, તમે લાગો સોહામણા  (૨)

હે  ... મુખડું જોયું ને મન મોહ્યા રે

જોયા રે અમે આદેશ્વર  અલબેલા

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૨)

ચૈત્રી કાર્તિક પૂનમ ની યાત્રા  (૨)

હે  ... મહિમા છે એના ન્યારા રે

જોયા રે અમે આદેશ્વર  અલબેલા

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૨)

કળિયુગમાં દાદા તમે, કલ્પતરુ જેવા (૨)

હે ... સેવક ને રુદિયે વસનારા રે

જોયા રે અમે આદેશ્વર અલબેલા

આદેશ્વર અલબેલા રે જોયા રે અમે આદેશ્વર અલબેલા (૨)

દુહા:

હે.. ગાન તમારા ગાતાં ગાતાં

અમે સમયનું ભાન ભૂલ્યાં (૨)

હે ખાવું ભૂલ્યાં, પીવું ભૂલ્યાં

ઊંઘ અને આરામ ભૂલ્યાં રે ભાઈ ઊંઘ અને આરામ ભૂલ્યાં

હે.. રાગ ભૂલ્યાં ને દ્વેષ ભૂલ્યાં વળી

પાપ તણો વ્યાપાર ભૂલ્યાં (૨)

હે એવા એકાકાર બન્યા કે

સળગેલો સંસાર ભૂલ્યાં રે ભાઈ સળગેલો સંસાર ભૂલ્યાં

હે ભાવના ની રાત જેવી બીજી કોઈ રાત નથી

શ્રાવકની જાત જેવી બીજી કોઈ જાત નથી

ધર્મની વાત જેવી બીજી કોઈ વાત નથી

માયાની લાત જેવી બીજી કોઈ લાત નથી

પ્રભુજી તારાં (૨)

પ્રભુજી તારાં ગીતડાં ગાઉં કે તીરથ ધામે જાઉં (૨)